# પાઠ : 30 જૈન ઇતિહાસ – ભાગ-3

## (પહેલી સદી સીઈ થી બારમી સદી સીઈ)

પ્રાચીન સમયમાં જૈન ધર્મ આખા ભારત વર્ષમાં ફેલાયેલો હતો. તેથી જૈનોનો પોતાનો લાંબો સળંગ ઇતિહાસ છે. પ્રાચીન અને મધ્યકાલિન સમયમાં, બીજા ધર્મોની સમખામણીમાં જૈન ધર્મ ઉચું સ્થાન ધરાવતો હતો. રાજાઓ, મંત્રીઓ, લશ્કરના સેનાપતિઓ, વગેરે રાજકીય વ્યક્તિઓ જૈન ધર્મ પાળતા અને તેને ટેકો આપતા.

### મથુરા અને કુશન સામ્રાજ્ય:

મથુરાના લોકો જૈન પ્રતિમાના ભક્ત હતા, જેમને તેઓ તેમના ઘરમાં પ્રતિષ્ઠિત કરાવતા હતા. સામાન્ય ધાર્મિક પ્રજાજનો પણ ભગવાન મહાવીર અને તેના પૂર્વે થયેલા તીર્થંકરોની મૂર્તીઓને પ્રતિષ્ઠિત કરવાની અને તેમની તથા તેમના મંદિરો પૂજવાની તરફેણ કરતા. કેટલાક સંશોધનકારોએ જિન પ્રતિમાઓ પણ શોધી કાઢી છે. તે સમયના નીચા વર્ગના લોકો, વેપારીઓ, શરાફો, અત્તરના વેપારીઓ, ગામના મુખીઓ, ઝવેરાતનો ધંધો કરનાર, ઝવેરીઓ વગેરે જૈન ધર્મની તરફેણ કરતા હતા.

### ગુપ્તા સામ્રાજ્ય: (૪થી-૬ઠીસદી એ.ડી.):

વૈષ્ણવો હોવા છતાં, ગુપ્તાઓ ધાર્મિક સહિષ્ણુતાનો એક સરસ દ્રષ્ટાંત છે. કુમાર ગુપ્ત (૪૧૪ - ૪૪૫ એ.ડી.) નો રાજ્યકાળ દરમ્યાન લખાયેલા ઉદયગિરિ ગુફાનો શિલાલેખ પાર્શ્વેની મૂર્તિની સ્થાપના વિષે છે. આ સામે દરમ્યાન સ્થાપના કરેલી તીર્થંકરો - આદિનાથ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર ની ઘણી બધી મૂર્તિઓ મળી આવી છે. આ સમય સુધીમાં બ્રાહ્મણ, સંસ્કૃતિનો ઉદય ફરી શરૂ થયો. ૭મી સદી એ.ડી. પછી જૈનધર્મ ગુજરાત, રાજપુતાના (રાજસ્થાન) અને કર્ણાટકમાં ઝડપ થી ફેલાવવા લાગ્યો. એમ દેખાય છે કે કલિંગની સાથે સહતે બંગાળ પણ જૈનોની અસર નીચે આવ્યું હતું. ૪૭૮-૪૭૯ એ.ડી. ના પહારપુરના તામ્રપત્રમાં બંગાળમાં દિગંબર સાધુઓનું અસ્તિત્વ દર્શાવે છે કારણકે એ મુદ્રાલેખમાં નંદી સંઘના આચાર્ય ગુહનંદીનો ઉલ્લેખ છે. બંગાળના મૈનામતિ ગામના ખંડીયોરો માંથી આશરે ૫૦૦ એ.ડી. ના સમયની જૈન પ્રતિમાઓ મળી આવી છે. હ્યુએન ત્સાંગ જેણે ૭મી સદીમાં ભારતની મુલાકાત લીધેલી તે કહે છે કે, 'નગ્ન નિર્ગ્રંથો અતિ પુષ્કળ છે'.

## ચાલુક્ય ના રાજાઓ: (૫૦૦ થી ૭૫૭ એ.ડી.):

ચાલુક્ય રાજાઓએ પુડકેશી સહિત ઘણા જૈન આચાર્યોને આશરો આપ્યો હતો.

## રાષ્ટ્રકુટ ના રાજાઓ: (૭૫૭ થી ૯૭૩ એ.ડી.):

કર્ણાટકના જૈન ઇતિહાસમાં મલખેડાના રાષ્ટ્રકુટનો સમય વધારેમાં વધારે વિકાસ અને કીર્તિનો ગણાય છે.

## ચંન્ડેલા: (૯મી સદી):

આ સમય દરમ્યાન જૈન ધર્મ ઘણોજ વિસ્તાર પામ્યો હોય એમ લાગે છે કારણકે કેટલાય શિલાલેખ અને ભવ્ય મંદિરો તેની સાક્ષી પુરે છે. ઘણા રાજાઓ જૈન મંદિરો બંધાવવાની તરફેણમાં હતા. દા.ત. ખજુરાહોના જૈન મંદિરો।

## ગંગ ના રાજાઓ: (૨જી સદી થી ૧૧મી સદી એ.ડી.):

સિંહનંદીની મદદથી ગંગ રાજ્ય બન્યું હોવા થી ગંગ રાજાઓની નીચે જૈન ધર્મની આબાદીનો મજબુત પાયો પડ્યો હતો. તે રાજ્યધર્મ બની ગયો હતો. સાધુઓ રાજકાજમાં ભાગ લેતા અને સલાહ આપતા હતા. કર્ણાટકમાં ઘણા જૈન મઠ બાંધવામાં આવ્યા હતા.

## હોયસલ ના રાજાઓ:(૧૦૦૬ થી ૧૩૪૫ એ.ડી.):

જૈનધર્મને હોંશિલી મદદ કરનાર એક હજી વધુ વંશ હતો હોયસાલ જેની રચના એક જૈનમુનિએ કરેલી. આ વંશે દિલોજાનથી જૈન ધર્મને ટેકો આપ્યો હતો. ૧૧મી સદીમાં આચાર્ય સુદત્તની હોયસલ રાજાઓ ઉપર ખુબ અસર હતી. પ્રાચીન સંગમ સાહિત્ય અને પુરાતત્વ અને મુદ્રાલેખો દ્વારા સાબિત થાય છે કે જૈન ધર્મ તામિલનાડુમાં ઘણો વિકાસ પામ્યો હતો. આંધ્રમાં પણ ઘણા જૈન મુદ્રાલેખ મળી આવ્યા છે.

આજે ગુજરાત અને કાઠિયાવાડમાં અપને વધારે માં વધારે જૈનોનું કેન્દ્રીકરણ જોઈએ છીએ. જૈન સાહિત્ય પ્રમાણે ગુજરાત અને જૈનોનો સંબંધ ઘણોજ પ્રાચીન છે. ૧૧૦૦ એ.ડી. માં ચાલુક્ય વંશના રાજા સિદ્ધાર્થ અને તેનો વારસદાર કુમારપાળ જૈનધર્મ પાળતા હતા. તેમને ધર્મના સાહિત્યની અને

મંદિરો બાંધવાની પ્રવૃત્તિઓને ઘણુંજ પ્રોત્સાહન આપ્યું હતું. કુમારપાળે જૈન ધર્મને ઘણી ઊંચી કક્ષાએ લઇ જય તેને રાજ્ય ધર્મ બનાવી દીધો.શરૂઆતમાં તે શિવ ભક્ત હતો. પણ હેમચંદ્રાચાર્યના સંપર્કમાં આવ્યા પછી તેને જૈન ધર્મ પ્રત્યે ખુબ જ આકર્ષણ થયું હતું. તેણે જૈન મંદિરોને રાજ્યનો ઉદાર સહારો આપ્યો અને રાજ્યમાં પ્રાણીઓની હિંસા ઉપર પ્રતિબંધ મુક્યો. પરંતુ તેનો વારસદાર અજયપાલ ચુસ્ત શિવપંથી હતો અને જૈનોનો શત્રુ હતો. ૧૧ મી સદી એ.ડી. માં જૈન ધર્મને વાઘેલા વંશના રાજ્ય મંત્રીઓ વસ્તુપાલ અને તેજપાલ તરફથી રાજ્યનો ટેકો મળ્યો. તેઓએ આબુ, શંત્રુજય અને ગિરનારમાં સુંદર મંદિરો બંધાવ્યા.